# રાજ્યમાં નાના ઉદ્યોગોને ૩૫ લાખની સબસીડી

## રૂપાણીની સત્તાના પાંચમા વર્ષના પ્રવેશ પર નવી ઔદ્યોગિક નીતિ જાહેર : નવા ઉદ્યોગોને સરકારી જમીન લિઝ પર અપાશે : કોરોનાના અંત બાદ વાયબ્રન્ટ સમિટનો નિર્ણય થશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકારે આજે નવી ઔદ્યોગિક નીતિની જદાહેરાત કરી છે. ગુજરાત સરકાર નવા ઉદ્યોગોને સરકારી જમીન લીઝ પર અપાશે. તેમજ નાના ઉદ્યોગોને ૩૫ લાખ સુધીની સમબિડી અપાશે, એમ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમના શાસનને આજે ૪ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રાજ્યની નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરતા જણાવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલી નવી પોલિસીમાં વૈશ્વિક અને રાષ્ટ્રીય ઉત્પાદનના વલણો તેમજ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને ઉદ્યોગો દ્વારા સૂચવવામાં આવેલા મોટાભાગના સૂચનોના સમાવેશ કરવામાં આવ્યો છે. નવી ઉદ્યોગ નીતિની જાહેર કરતી વખતે રૂપાણીએ જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર કરવા નવી ઔદ્યોગિક નીતિ પણ મદદરૂપ થશે, એમ તેમણે ઉમેર્યું હતું. તેઓએ સાથે એ પણ જણાવ્યું હતું કે, કોરોના કાબૂમાં આવ્યા બાદ વાઈબ્રન્ટ સમિટ અંગે નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે, ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ઔદ્યોગિક નીતિ પૂર્ણ થઈ હતી. જેને ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી લંબાવવામાં આવી હતી.

વિજય રૂપાણીએ જણાવ્યું કે, રાજ્યના સર્વાંગી વિકાસ માટે અધિક વિકાસને સમર્થન મળ્યું હતું. ભારત સરકાર દ્વારા જાહેર થયેલા આંકડા પ્રમાણે ૪૯ મિલીયન યુએસ ડોલરના મૂડીરોકાણમાં દેશની સરખામણીમાં ૫૧ ટકા હિસ્સો ગુજરાતનો છે. રાજ્યની પોલીસીને કારણે આપણને આ સફળતા મળી છે. વર્ષ ૨૦૧૯ દરમિયાન પ્રપોઝ ઈન્વેસ્ટમેન્ટમાં ૪૮ ટકાનો વધારો થયો છે. તેની સામે ગુજરાતમાં ગત વર્ષની સરખામણીએ રોકાણમાં ૩૩૩ ટકાનો વધારો થયો છે. આમ દેશની સરખામણીએ ગુજરાતમાં નોંધપાત્ર વધારો થયો છે.



સનરાઈઝ સેક્ટર્સમાં ઈલેક્ટ્રિક વાહનો, વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ્સ, ઈકો-ફ્રેન્ડલી કોમ્પોસ્ટેબલ મટિરિયલ્સ, ઈન્ડસ્ટ્રી ૪.૦ ઈક્વિપમેન્ટ, સોલાર/વિન્ડ ઈક્વિપમેન્ટ અને એક્સપોર્ટ આધારિત એકમો સહિતના એવા ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ટેકનોલોજિકલ ડેવલપમેન્ટની નોંધપાત્ર સંભાવનાઓ છે અને સસ્ટેનેબલ આર્થિક વિકાસમાં યોગદાન આપી શકે છે. થ્રસ્ટ સેક્ટર્સને પોલિસીના એક હિસ્સા તરીકે ઈક્રીમેન્ટલ ઈન્સેન્ટિવ આપવામાં આવશે. જ્યારથી જીએસટી લાગૂ કરવામાં આવ્યો ત્યારથી નેટ એસજીએસટી પ્રમાણે વળતર આપવામાં આવતું હતું, હવે નવી ઉદ્યોગ પોલિસીમાં એસજીએસટીના વળતરોને ડિ-લિંક એટલે કે દૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. હવે મોટા ઉદ્યોગોને ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે કેપિટલ સબસીડી તરીકે ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ (એફસીઆઈ)ના ૧૨ ટકાના ધોરણે રોકડ રકમ અપાશે. કોઈપણ ઔદ્યોગિક એકમને આપવામાં વળતરની રકમની કોઈ મહત્તમ મર્યાદા રાખવામાં આવી નથી.

આ નિર્ણયથી રાજ્યમાં મોટાં મૂડીરોકાણોને લાવવામાં મદદ મળશે. આ લાભ વાર્ષિક રૂ.૪૦ કરોડની ટોચ મર્યાદામાં ૧૦ વર્ષ સુધી અપાશે. જો એકમને મળવાપાત્ર કેપીટલ સબસીડી ૧૦ વર્ષના સમયગાળાની અંદર ચૂકવણી ન કરી શકાય તેવા કિસ્સામાં વાર્ષિક ટોચમર્યાદા રૂ.૪૦ કરોડ જ રહેશે તેવી શરત સાથે ૧૦ વર્ષની સમયમર્યાદામાં વધુ ૧૦ વર્ષનો વધારો કરી આપવામાં આવશે. જો ૨૦ વર્ષના સમયગાળામાં ચૂકવણી ન થાય તો મળવાપાત્ર કેશ સબસીડીનું વિતરણ ૨૦ વર્ષના સમાન હપ્તાની અંદર કોઈ ટોચમર્યાદા વિના કરવામાં આવશે. આ ઉપરાંત વિજય રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે પાંચમાં વર્ષમાં પ્રવેશ કરતા ગાંધીનગર ખાતેથી રૂ.૫૩૦૦ કરોડની ભાડભૂત યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.

### નવી ઔદ્યોગિક નીતિના મુદ્દા

- ૧૫ થ્રસ્ટ સેક્ટર્સની પરિકલ્પના કરવામાં આવી છે. આ થ્રસ્ટ સેક્ટર્સને કોર સેક્ટર્સ અને સનરાઈઝ સેક્ટર્સમાં વિભાજિત કરવામાં આવ્યા છે.
- નવા ઉદ્યોગોને પાંચ વર્ષ માટે ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી છૂટ આપવાનું ચાલુ રાખવામાં આવશે.
- ઈન્વેસ્ટમેન્ટની ૧૨% રકમ પરત આપવામાં આવશે
- તમામ ઉદ્યોગકારોને સમાન તક મળશે
- નવા ઉદ્યોગકારોને સરકારી જમીન લીઝ પર અપાશે
- બજાર કિંમતથી ૬% ભાડું ચુકવવાનું રહેશે
- જમીન મોર્ગેજ રાખી બેંક લોન થઈ શકશે
- ૫ વર્ષે ઈલેક્ટ્રિક ડ્યૂટીમાંથી મુક્તિ મળશે
- સંશોધન પર વધુ ધ્યાન આપવામાં આવશે
- એમએસએમઈ એક્ઝિબિશનના સ્ટોલમાં પણ મદદ મળશે
- સેવાક્ષેત્રમાં એમએસએમઈ સેક્ટરમાં ૭% સુધી સબસીડી અપાશે
- સોલારનો ઉપયોગ કરતા એમએસએમઈ માટે પાવર સાયકલ વધારાશે
- આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક પાર્કમાં ૨૫% સહાય અપાશે
- વધારાની વીજળી ૨.૨૫ પ્રતિ યુનિટથી ખરીદવામાં આવશે

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આવાસ યોજના ચાલુ થઈ ગઈ લાગે છે... હવે આપણને પણ ઘર મળશે...!!

## વિરેન્દ્રસિંહ વાઘેલા ત્રીજીવાર ભાવનગરના પ્રભારી બન્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને જિલ્લા કોંગ્રેસના અગ્રણી



વિરેન્દ્રસિંહ વાઘેલા (અજીતસિંહ વાસણ)ની સતત ત્રીજીવાર ભાવનગરના જિલ્લા પ્રભારી તરીકે નિયુક્તી થતાં કોંગ્રેસી કાર્યકરોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

વિરેન્દ્રસિંહ વાઘેલા કુશળ સંગઠ્ઠક તરીકે જાણીતા છે. તેઓએ પ્રથમવાર નિમણુંક થઈ ત્યારે ભાવનગર જિલ્લા પંચાયત પર કોંગ્રેસે કબ્જો કર્યો હતો. તેમણે ભાવનગર જિલ્લાનો સતત પ્રવાસ કરી અને કાર્યકરો તેમજ આગેવાનોને એક તાંતણે બાંધવાનો સફળ પ્રયાસ કર્યો હોવાથી તેમની સંગઠ્ઠન કૌશલ્યતાને ધ્યાને રાખી સતત ત્રીજીવાર એક જ જિલ્લાના પ્રભારી બનવાનું ગૌરવ ગાંધીનગર કોંગ્રેસને અપાવ્યુ છે.

તેમની નવી નિમણુંકને પણ કોંગ્રેસ કાર્યકરોએ આવકારી અને અભિનંદન આપ્યા છે.

## શહેરમાં વરસાદી સિઝનમાં અત્યાર સુધી ૬૫ વૃક્ષો ધરાશાયી

### મુખ્યમાર્ગો તેમજ સેક્ટરોના આંતરિક માર્ગો પર હરિયાળા વૃક્ષો જમીનદોસ્ત થતા રાહદારીઓ માટે પણ ખતરો : સુકા અને જોખમી વૃક્ષોની સંખ્યા પણ વધુ : વરસાદી દિવસોમાં પવનનુ જોર વધુ હોવાથી માર્ગો પર ઠેર ઠેર આડશ બનતા વૃક્ષો

ગાંધીનગર તા ૭

શહેરમાં અત્યાર સુધી



સિઝનનો અંદાજિત ૧૬ ઈંચ જેટલો વરસાદ થયો છે. વરસાદ કરતા વાતાવરણમાં આવતા વારંવાર પલ્ટા સાથે વંટોળ અને વાવાઝોડાનુ જોર વધુ જોવા મળે છે. જેના લીધે શહેરના સેકટરોમાં હરિયાળા વૃક્ષોના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. શહેરમાં વરસાદી વાયરા વચ્ચે વૃક્ષો જમીનદોસ્ત થતા રાહદારીઓ માટે પણ જોખમી સ્થિતિ સર્જાય છે. વરસાદી સિઝન દરમિયાન અત્યાર સુધીમાં ૬૫ જેટલા વૃક્ષો ધરાશાયી થયા છે.

શહેરમાં વરસાદ મનમુકીને આવતો નથી ચોમાસાના પ્રારંભથી જ નગરમાં મેઘરાજાનો તોફાની મિજાજ જોવા મળી રહ્યો છે. વરસાદ કરતા પવનનુ જોર વધુ હોવાથી આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જાય છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે છેલ્લા ચાર દિવસથી વરસાદ હાથતાળી આપી અદ્રશ્ય થઈ જતા શહેરમાં વરસાદી વાયરા વચ્ચે વૃક્ષો પણ વિશેષ ધરાશાયી થાય છે. વંટોળ અને વાવાઝોડા વચ્ચે શહેરના સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગો પર વારંવાર આડશ બનતા વૃક્ષો જોવા મળી રહ્યા છે. શહેરમાં એકબાજુ નમી પડેલા અને સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાનુ મનાઈ રહ્યુ છે. આવા સંજોગોમાં વનતંત્ર દ્વારા પણ આ મામલે અગાઉ સર્વે હાથ ધરાયો હતો જયારે તબક્કાવાર જોખમી વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી રહી છે. આમછતા હજુ પણ સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર નમી પડેલા ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. વરસાદી દિવસોમાં આ વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા નાગરિકો માથે પણ ખતરો મંડરાયેલો રહે છે. છેલ્લા કેટલાક સમયથી વૃક્ષો ધરાશાયી થવાના કિસ્સાઓ વધુ ધ્યાને આવે છે. જેના લીધે માર્ગ પર જતા રાહદારીઓ માટે પણ વધુ જોખમી સ્થિતિનુ નિર્માણ થાય છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે આ પૈકી કેટલાક નમી પડેલા અને સુકા હોવાથી ભયજનક હાલતમાં છે.

શહેરના ગ માર્ગ પર નમી પડેલા વૃક્ષોની સંખ્યા વધુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જયારે સેકટરોમાં નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે. જો કે વનતંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ હજુ પણ શહેરમાં ભયજનક વૃક્ષો દુર કરવા અનિવાર્ય છે. વરસાદી સિઝન દરમિયાન અત્યાર સુધી શહેરમાં અંદાજિત ૬૫ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. વરસાદ પુરતો વરસ્યો નથી ત્યારે હરિયાળા વૃક્ષો માટે વરસાદી વાયરો વિલન પુરવાર થયો છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લામાં કુપોષિત કિશોરીઓને શોધી અને કુપોષણ દૂર કરવા માટેનુ ખાસ અભિયાન હાથ ધરવા માટે જિલ્લા વિકાસ અધિકારીએ ખાસ બેઠક યોજી હતી.
- ગાંધીનગર જિલ્લાના માણસા તા.પં.ના પૂર્વ તા.વિ. અધિકારી હેમંતભાઈ ત્રિવેદીનું ગઈકાલે મોડી રાત્રે અવસાન થયુ છે.
- ૧૫મી ઓગષ્ટની ઉજવણી જિલ્લા પંચાયત ખાતે અત્યંત સાદગીથી અને સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે કરવામાં આવશે.
- અનુ. જાતિની કલ્યાણ યોજનાઓના અમલીકરણને લઈ આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે ખાસ બેઠક યોજાઈ હતી.
- દહેગામ તા.વિ.અ. રૂબીસિંહ રાજપૂત રજા પર જતાં તેમનો ચાર્જ ગાંધીનગર ટી.ડી.ઓ. ધાંધલ્યાને સોંપવામાં આવ્યો છે.
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આજે ભાવનગર તેમજ જામનગર શહેરની મુલાકાત લઈ કોરોનાની સ્થિતિની સમિક્ષા કરશે.

## અહો આશ્ચર્યમ્... સોસાયટીમાં સવારે વૃક્ષારોપણ થયું ને રાત્રે ઉખાડી ફેંકાયુ..!!

### કુડાસણની એક સોસાયટીમાં રહીશોએ કરેલા વૃક્ષારોપણના છોડવાં કેટલાંક શખ્સોએ ઉખાડી ફેંકતા મામલો બિચક્યો : પ્રકૃતિપ્રેમીઓમાં આઘાતની લાગણી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરનો પ્રકૃતિપ્રેમીઓના શહેર તરીકે ઓળખવામાં આવે છે અને આ શહેરમાં ખાસ કરીને ચોમાસાના પ્રારંભના સમયગાળામાં



વૃક્ષારોપણની પ્રવૃતિ ખૂબ મોટા પાયે થવા પામે છે જેમાં સરકારીતંત્ર ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રકૃતિપ્રેમી સ્વયંસેવકો તથા રહેણાંક સોસાયટીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ વર્ષે પણ છેલ્લા દોઢેક માસથી શહેરમાં વૃક્ષારોપણ કાર્યક્રમોની હારમાળા યોજાઈ રહી છે તેની સામે આજે કુડાસણ ખાતેની એક સોસાયટીમાં ગજબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં રહીશોએ કરેલા વૃક્ષારોપણમાં વાવેલા છોડને કેટલાંક શખ્સોએ ઉખાડીને ફેંકી દીધા છે. આ ઘટનાથી સોસાયટીના રહીશો સહિત સમગ્ર શહેરના પ્રકૃતિપ્રેમીઓમાં આઘાતની લાગણી જોવા મળી રહી છે.

ન્યુ ગાંધીનગરના કુડાસણા ખાતેની એક સોસાયટીમાં ગઈકાલે સવારે પ્રકૃતિપ્રેમી રહીશો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું પરંતુ કોઈ કારણસર આ સોસાયટીના કેટલાંક શખ્સોને આ વૃક્ષારોપણ ગમ્યું નહોતુ. વૃક્ષારોપણ માટે રહીશો ખાનગી નર્સરીમાંથી ખૂબ સારા ઉછરેલા મોટા રોપા નાણાં ખર્ચીને લાવ્યાં હતા પરંતુ પેલા માથા ફરેલ શખ્સોએ રાત્રીના સમયે આ વાવેલા છોડને મૂળ સોગા ઉખાડીને ફેંકી દીધા હતા. આ ઘટનાને કારણે સોસાયટીમાં મામલો ઉગ્ર બન્યો હતો અને પેલા શખ્સો દ્વારા હાથાપાઈ કરવા સાથે મહિલાઓ અસભ્ય વર્તન કરવામાં આવ્યું હતું તેવુ પણ જાણવા મળ્યુ છે અને સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોચ્યો હતો.

## ગાંધીનગર જિલ્લામાં ૧૮ યોગ ટ્રેનર્સ અને ૨ યોગ કોચની નિયુક્તિ

### યોગ ટ્રેનર્સને પ્રમાણપત્ર નિયુક્તિ કાર્યક્રમ યોજાયો : કોરોના સામે લડવા નાગરિકોને યોગની તાલીમ આપી રોગ પ્રતિકારક શક્તિ વધારવા યોગ ટ્રેનર્સ કાર્યરત બને : ડો. કુલદીપ આર્ય

અગાઉ વિશ્વ યોગ દિન પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં યોગ-પ્રાણાયામ-આયુર્વેદ વગેરેને ઉત્તેજન મળે તે હેતુથી યોગ કોચ



અને યોગ ટ્રેનર્સની નિમણૂંક કરવાનો નિર્ણય લીધો હતો જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ૧૬૮ તાલીમાર્થીઓને યોગ ટ્રેનરનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. આ સાથે ૨ યોગ શિક્ષકોને જિલ્લામાં ‘‘યોગ કોચ’’ તરીકે પ્રમાણપત્ર અપાયાં છે. તમામ યોગ ટ્રેનર્સ તા. ૧૫મી ઓગષ્ટથી જિલ્લામાં યોગને જન જન સુધી પહોંચાડવા કાર્યરત બનશે.

આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના હસ્તે યોગ કોચ તથા યોગ ટ્રેનર્સને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે ડૉ. આર્યએ જણાવ્યુ હતુ કે ‘‘કોરોના સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા યોગાસન જરૂરી છે જેથી યોગ ટ્રેનર્સ નાગરિકોને યોગ શિક્ષણ આપી તેમના તન-મન સ્વસ્થ બનાવી રોગ પ્રતિકારક શક્તિ વધારવા કાર્યરત બને.’’ આ પ્રસંગે જિલ્લા રમત ગમત અધિકારી મહેરા ચૌધરીએ જણાવ્યું હતું કે જિલ્લામાં ૩૦૦ થી વધુ ટ્રેનર્સ અને ૨૦ યોગ કોચ યોગના પ્રચાર-પ્રસાર તથા યોગની તાલીમ માટે કાર્યરત બનશે. આ પ્રસંગે અધિક નિવાસી કલેક્ટર એચ.એમ. જાડેજા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગર જિલ્લાના યોગ કોચ તરીકે નિયુક્તી પામેલા યોગાચાર્ય કાનજીભાઈ બાવરીએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં યોગ ટ્રેનર્સને તાલીમ અપાઈ છે તેજ રીતે ગાંધીનગર જિલ્લા માટે પણ ૧૬૮ તાલીમાર્થીઓને ચ-૩ સર્કલ સે. ૭-ડી ખાતેના ડિવાઈન યોગ એન્ડ નેચરોથેરેપી સેન્ટર ખાતે તા. ૧૭મી ફેબ્રુઆરીથી તા. ૬ઠ્ઠી માર્ચ દરમ્યાન તાલીમ મેળવી હતી. આ તાલીમાર્થીઓમાં ૭૯ પુરૂષ તાલીમાર્થી અને ૯૨ મહિલા તાલીમાર્થી હતા. આ પૈકી કુલ ૧૮ તાલીમાર્થીઓને યોગ ટ્રેનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં છે જે પૈકી ૯ મહિલા તાલીમાર્થી પસંદગી પામ્યાં છે.’ આ સાથે કાનજીભાઈ બાવરી અને જીમીષા પટેલ એમ બે યોગ શિક્ષકોને યોગ કોચ તરીકે નિયુક્તિ અપાઈ છે જેઓ યોગ ટ્રેનર્સને તાલીમ આપશે.

### યોગ ટ્રેનર્સ બનવામાં મહિલાઓ અગ્રેસર

ગાંધીનગર જિલ્લા માટે જે યોગ ટ્રેનર્સને સર્ટિફિકેટ અપાયાં છે તે કુલ ૧૮ યોગ ટ્રેનર્સ પૈકી ૯ ટ્રેનર્સ મહિલા તાલીમાર્થી છે એટલે કે ૫૦ ટકા યોગ ટ્રેનર તરીકે મહિલાઓ પસંદગી પામ્યાં છે. વળી, યોગ ટ્રેનર બનવા નોંધાયેલા તાલીમાર્થીઓમાં પણ મહિલા તાલીમાર્થીઓની સંખ્યા પુરૂષ તાલીમાર્થીઓ કરતા ઘણી વધુ હતી. કુલ ૧૬૮ તાલીમાર્થીઓ પૈકી ૭૯ પુરૂષ તાલીમાર્થી સામે મહિલા તાલીમાર્થીઓની સંખ્યા ૯૨ હતી.

### એક યોગ ટ્રેનર ઓછામાં ઓછી ૩૦ વ્યક્તિને યોગની તાલીમ આપશે

ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં જે યોગ ટ્રેનર્સને નાગરિકોમાં યોગ-પ્રાણાયામની નાગરિકોને તાલીમ આપવા નિયુક્ત કરવામાં આવ્યાં છે તેમને તાલીમ દરમ્યાન ધ્યાન-યોગ-પ્રાણાયામ સહિતના અષ્ટાંગ યોગ, આયુર્વેદ, ઘરગથ્થું ઉપચાર, પ્રાકૃતિક ઉપચાર અને એક્યુપ્રેશરને આવરી લેતી સઘન તાલીમ આપવામાં આવી છે.

## કોબા ગામના અગ્રણી સ્વ. ખોડાભાઈ પટેલને શ્રધ્ધાસુમન

ગાંધીનગર તાલુકાના કોબા ગામના અગ્રણી ખોડાભાઈ હરગોવિંદદાસ પટેલનું અવસાન થવા પામ્યું છે ગામના સરપંચ યોગેશભાઈ નાયી દ્વારા તેમને શોકાંજલિ વ્યકત કરવામાં આવી છે. યોગેશભાઈએ જણાવ્યું છે કે, ‘સ્વ. ખોડાભાઈ પટેલના અવસાનથી ગામે સામાજિક આગેવાન ગુમાવ્યા છે. તેઓ કુંભેશ્વર મહાદેવ તથા રામજી મંદિરના ટ્રસ્ટી હતા અને તેમણે તેમનું સંપૂર્ણ જીવન બીજાની સેવામાં વિતાવી પ્રસંશનીય કાર્યો થકી ગ્રામજનોની સેવા કરી હતી.’ સ્વ. ખોડાભાઈને ગામના સરપંચ ઉપરાંત ગામના અગ્રણીઓ, ગાંધીનગર કેળવણી મંડળના ટ્રસ્ટીઓ તથા પ્રમુખે શ્રધ્ધાંજલિ પાઠવી છે.

### જાહેર નિવિદા

સરકારી પોલિટેકનીક સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૧૭/૮/૨૦૨૦ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંસ્થા ખાતે રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય
માહિતી/૬૩૩/૨૦-૨૧ સરકારી પોલિટેકનીક, ગાંધીનગર

### ગુજરાત સરકાર
### મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૫/૭/૨૦૨૦

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) જિલ્લા : ગાંધીનગર

ક્રમાંક : અમ-૨૦૨૦-૩૮૯-મ-જગધ-૨૦૧૮-૨૧૪૫-ચ

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની ‘ધરોઈ એકસટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ ૯૬૩૦ થી ૧૦૫૬૦ મી. વચ્ચે’ કરવા જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે, સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યું હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

તારીખ ૧૨ ઓગસ્ટ ૨૦૧૬ના રાજ્ય સરકારના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એક્સ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટ ભાગ-૪, ગુજરાત એક્ટ નં. ૨૦૧૬નો ૧૨મો, સાથે વાંચતા જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકારી અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩જી હેઠળ ગુજરાત સરકાર સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃ વસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને માણસા તાલુકો માટે જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે. જમીનના પ્લાનનું નિરીક્ષણ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમય દરમિયાન કરી શકાશે.

સંપાદન બાબતે હિત ધરાવતી વ્યક્તિને જો કોઈ વાંધાઓ હોય તો આ જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખની ૬૦ (સાઠ) દિવસમાં કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને રજૂ કરવાના રહેશે.

અનુસુચિ જિલ્લા : ગાંધીનગર તા. : માણસા ગામ : મહુડી-૨

| અ.નં. | જુના સર્વે નંબર | નવો સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧ | ૩૩૨/૨/અ | ૧૩૧૯ | ૦-૦૦-૮૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૧૭૪/૨૦૨૦